<u>ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ (સાંજ) અમદાવાદ</u>

તા.23/07/2022

## <u>વૃક્ષારોપણ કાર્યક્રમનો અહેવાલ</u>



આજના વિશ્વમાં ગ્લોબલ વોર્મીગની સ્મસ્યા દિવસે દિવેસ વધી રહી છે. ગ્લોબલ વોર્મીગના કારણે વિશ્વના ઘણા દેશોમાં ઋતુઓનો સમયમાં ફેરફાર થઇ રહ્યો છે. પરિણામે પ્રકૃત્તિના વિવિધ તત્વો પર આની સીધી અસર જોવા મળે છે. ગ્લોબલ વોર્મીગની સ્મસ્યાથી બચવાનો એક ઉપાય પૃથ્વી પર વધારે વૃક્ષોનું વાવેતર. સંયુક્ત રાષ્ટ્રસંઘની યુનિસેફ જેવી સંસ્થા સમગ્ર વિશ્વમાં વૃક્ષારોપણના કાર્યક્રમો થાય તે પ્રયત્નશીલ છે. ભારત સરકાર પણ સમગ્ર દેશમાં વૃક્ષા રોપણ કાર્યક્રમને અસકારક અમલી બનાવ્યો છે. આપણી ગુજરાત સરકાર દ્વારા દર વૃક્ષારોપણ કાર્યક્રમને પ્રોત્સાહન આપવા વન મહોત્સવ, વન સપ્તાહનુ આયોજન કરે છે. આ કાર્યના પરિણામ રૂપે ગુજરાતમા અનેક શાળા કોલેજોમાં વૃક્ષારોપણ કાર્યક્રમ આયોજીત કરવામાં આવે છે.




તા.23 જુલાઇ,2022ના રોજ ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ (સાંજ)ના ઇકો ક્લબ, એન.સી.સી, તથા એન.એસ.એસ વિભાગના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણ

SHOT ON MI A2
MI DUAL CAMERA

Scanned with CamScanner

કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માન.નાયબ નિયામકશ્રી નારાયણ માધું (ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,ગાંધીનગર) વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમ અંતર્ગત નાયબ નિયામકશ્રી નારાયણ માધુ સાહેબ, ગુજરાત કોમર્સ કોલેજના આચાર્યશ્રી જ્યોત્સના બેન પટેલ, અત્રેની સંસ્થાના આચાર્યશ્રી ડૉ.હિમ્મત ભાલોડિયા, અધ્યાપકગણ તથા 50 જેટલા વિદ્યાર્થી ભાઇઓ બહેનોએ ઉત્સાહથી વૃક્ષારોપણ



કર્યું હતું. વૃક્ષારોપણ બાદ નાયબ નિયામકશ્રી નારાયણ માધુએ વિદ્યાર્થીઓને આજના સમયમાં વૃક્ષોના મહત્વને સમજાવી તેની જાળવણી કરવાનું કાર્ય સોંપ્યુ હતું. આચાર્યશ્રી ડૉ. હિમ્મત ભાલોડિયાએ વિદ્યાર્થીઓને જીવનમાં શિક્ષણ સાથે ઇતર પ્રવૃત્તિઓનું મહત્વ સમજાવી કોલેજમા યોજાતા વૃક્ષારોપણ જેવા અન્ય કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓને ઉત્સાહથી ભાગ લેવા જણાવ્યું હતું. કાર્યક્રમના અંતમાં વિદ્યાર્થીઓએ અલ્પાહાર ગ્રહણ કર્યો હતો



આચાર્યશ્રી

ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ (સાંજ)

કો-ઓર્ડિનેટર

ઇકો કલબ -

Scanned with CamScanner




















Scanned with CamScanner